

**પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા માર્ગદર્શન આપતા ડૉ. રિંકલબેન આર. પટેલ**

તા.૦૭/૦૧/૨૦૨૩ શનિવારના રોજ મફત સર્વ રોગ આયુર્વેદ નિદાન કેમ્પ ડૉ.પાર્થ એસ. પટેલ (આયુર્વેદ મેડિકલ ઓફિસર- માંડવખડક) નાં માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો. જેમાં ડૉ.દિલીપભાઇ આહીર (આયુર્વેદ મેડિકલ ઓફિસર-કાંકડવેલ), ડૉ.આશિષભાઈ પટેલ (આયુર્વેદ મેડિકલ ઓફિસર-ઢોલુમ્બર), ડૉ.રિંકલબેન આર.પટેલ (હોમયોપેથિક મેડિકલ ઓફિસર રૂમલા), ડૉ.રોહિતભાઈ એચ. કટારીયા (હોમયોપેથિક મેડિકલ ઓફિસર વાંસદા)ના સહયોગથી હોમિયોપેથિક કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સાથે મીતા ડી. પટેલ (લેબોરેટરી ટેકનિશિયન, રેફરલ હોસપિટલ અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર રૂમલા), કિરણ એ. પટેલ (કાઉન્સેલર, રેફરલ હોસ્પિટલ અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર રૂમલા) તેમજ તેમની ટીમ ઉપસ્થિત રહ્યા હતા. આ કેમ્પનો લાભ શાળાના બાળકો, ગ્રામજનો તથા શિબિરાર્થીઓએ લીધો હતો. જેમકે આયુર્વેદમાં ૧૭૬, હોમયોપેથિકમાં ૧૬૩ અને હર્બલ ટીમાં ૩૩૫ જેટલા લાભાર્થીઓએ લાભ લીધો હતો.



મફત સર્વ રોગ આયુર્વેદ નિદાન કેમ્પનું ઉદઘાટન પ્રસંગે ઉપસ્થિત ડૉ.પાર્થ એસ. પટેલ (આયુર્વેદ મેડિકલ ઓફિસર- માંડવખડક) અને તેમની ટીમ



મફત સર્વ રોગ આયુર્વેદ નિદાન કેમ્પનો લાભ લેતા શાળાના બાળકો, ગ્રામજનો તથા શિબિરાર્થીઓએ લીધો હતો

યુગપુરુષ સ્વામી વિવેકાનંદની ૧૬૦ જન્મજયંતી નિમિત્તે "રાષ્ટ્રીય યુવા દિવસ"ની ઉજવણી તા.૧૨/૦૧/૨૦૨૩ને ગુરૂવારના રોજ આચાર્યશ્રી ડૉ. એસ. એમ. પટેલ સાહેબના અધ્યક્ષપણા હેઠળ વકતૃત્વ, નિબંધ તેમજ "પુસ્તક અને પોસ્ટર પ્રદર્શન" અને પુષ્પાંજલી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઈતિહાસ વિભાગ અંતર્ગત વકતૃત્વ અને નિબંધ લેખન કાર્યક્રમમાં ઉત્સાહથી વિદ્યાર્થીઓ સહભાગી બન્યા હતાં અને સ્વામી વિવેકાનંદનાં જીવનના પ્રેરક પ્રસંગો, શિક્ષણ અંગેના વિચારો, શિકાગો વિશ્વ ધર્મપરિષદ, યુવાનોનાં પ્રેરણાસ્ત્રોત સ્વામી વિવેકાનંદ જેવા વિષયો સબંધે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. સપ્તધારા અતર્ગત જ્ઞાનધારા અન્વયે તા.૦૯/૦૧/૨૦૨૩ થી તા.૧૫/૦૧/૨૦૨૩ સુધી "સ્વામી વિવેકાનંદ" ઓનલાઇન ક્વિઝનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ ગ્રંથાલય વિભાગ દ્વારા તા.૧૨/૦૧/૨૦૨૩ થી તા.૧૩/૦૧/૨૦૨૩ સુધી "પુસ્તક અને પોસ્ટર પ્રદર્શન" નું પણ આયોજન કરવામાં આવ્યું હતું જેનો હેતુ વિદ્યાર્થીઓ સ્વામી વિવેકાનંદનાં ઉદ્દાત જીવન કાર્યોને સમજે અને તેની મહત્તા વિશે જાણે તેમજ તેમના વિચારો જીવનમાં ઉતારી સમાજ તેમજ ભારતના વિકાસમાં સહભાગી બને એ હતો.









તા.૨૩/૦૧/૨૦૨૩ને સોમવારનાં રોજ ડૉ.સંદિપભાઈ એલ.પટેલ, સરકારી આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજ, દમણથી ઉપસ્થિત રહ્યા હતા. વિષય અનુસંધાને વક્તાશ્રીએ વિદ્યાર્થીઓને 'Taxonomy, Gardening, Nursery' વિશે તેમજ વિવિધ વનસ્પતિઓ જેમકે બોગનવેલ, લીલી, કરેણ, જાસૂદ અને ગોગરીયા વિશેનું પ્રાયોગિક માર્ગદર્શન પણ પૂરૂ પાડ્યુ હતું અને બોટની વિષયમાં રોજગારીને લગતી તકો વિશે પણ વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.

વિષય અનુસંધાને વ્યાખ્યાન આપતા ડૉ. સંદિપભાઈ એલ.પટેલ

તા.૦૨-૦૨-૨૦૨૩ ગુરૂવારનાં રોજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ – ગુજરાત સરકાર નિયામકશ્રી, આયુષ કચેરી – ગાંધીનગર દ્વારા પ્રેરિત અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી નવસારીના માર્ગદર્શન હેઠળ આયુર્વેદ શાખા, જિલ્લા પંચાયત નવસારી દ્વારા આયોજિત આયુષ મેળામાં કોલેજનાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકો સહભાગી બન્યા હતા.












આયુષ મેળામાં પ્રાર્થના રજૂ કરતી કોલેજની વિદ્યાર્થીનીઓ અને દક્ષિણ ગુજરાત નવસારી જીલ્લાના આર્યુવેદ શાખાના પ્રમુખ શ્રીમતી નયનાબેન પટેલ, ભૂતપૂર્વ વિદ્યાર્થી પ્રતિનિધિ મંડળના પ્રમુખ આશુતોષભાઈ એચ.શુક્લ તેમજ તાલુકા પંચાયત ખેરગામનાં પ્રમુખ શ્રીમતી રક્ષાબેન અને કોલેજના પ્રા.ડૉ.નીમુબેન એસ.ચૌધરી- પ્રા.અમિતકુમાર એ.પટેલ તેમજ પ્રા.ડૉ.યોગેશકુમાર એન.ટંડેલ- પ્રા.પ્રિયંકાબેન થોરાત

તા.૦૩-૦૨-૨૦૨૩ને શુક્રવારનાં રોજ “G-20” – કાર્યક્રમ અંતર્ગત આચાર્ય ડૉ.એસ.એમ.પટેલનાં માર્ગદર્શન હેઠળ “કારકિર્દી માર્ગદર્શન” સુરતથી વૈદિક ગણિતનાં નિષ્ણાંત સતીષભાઈ પટેલ, જિલ્લા યુવા અધિકારી, વર્ષાબેન અને તેમની સાથે નહેરૂ યુવા કેન્દ્ર નવસારીનાં કાઉન્સેલર નમીતાબેન, તેમજ એનાર્ડે ફાઉંન્ડેશન સેન્ટર ખેરગામથી મનિષાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. વિષયના અનુસંધાને

વ્યાખ્યાન આપતા સતીષભાઈએ વિદ્યાર્થીઓને જણાવ્યું કે "ડિમાન્ડ અને સપ્લાય" નાં નિયમ પ્રમાણે કામ કરવું હું મારા ભારતને સધ્ધર કરીશ કોઈ કામ ને મોટું કે નાનું નાં ગણો, નાત, જાત અને ઊંચ નીંચના ભેદભાવથી રહિત કુટુંબ, સમાજ અને રાષ્ટ્રને ઉન્નતિના પંથે આગળ લઇ જવામાં સહકાર અને ભાઈચારાની ભાવના કેળવાય એ માટે હું હંમેશા તત્પર રહીશ એ વાત ઉપર ખાસ ભાર મૂક્યો હતો સાથે સાથે ઉપસ્થિત વિદ્યાર્થીઓને પ્રેક્ટીકલ દ્વારા વૈદિક ગણિતનો પરિચય કરાવ્યો હતો" નહેરૂ યુવા કેન્દ્ર નવસારીનાં કાઉન્સેલર નમીતાબેને વિદ્યાર્થીઓને જણાવ્યું કે "આજનો યુવા શું કરી શકે? તમને શું ગમે છે? તમારી ક્ષમતા શું છે? તમે કેટલા કલાક કામ કરવા માંગો છો એની તમને ખબર હોવી જોઈએ ભારત ફરી એકવાર વિશ્વ ગુરુ બની શકે તે માટે તમારા મનમાં રહેલો એક અનોખા વિચાર થકી ભારતને આધુનિક બનાવવામાં સહભાગી બનો તે માટે તમે તમારા તરફથી એક ડગલું આગળ ભરજો"

| | |
|---|---|
|  |  |
| મહેનાનોનો શાબ્દિક પરિચય આપતા આચાર્ય ડૉ.એસ.એમ.પટેલ | શ્રી સતીષભાઈ પટેલનું અભિવાદન કરતા પ્રા.જીગરકુમાર વી.પરમાર |
|  |  |
| મનીષાબેન પટેલનું અભિવાદન કરતા પ્રા.ડૉ.નીમુબેન એસ.ચૌધરી | વિષય અનુસંધાને વ્યાખ્યાન આપતા નહેરૂ યુવા કેન્દ્ર નવસારીનાં કાઉન્સેલર નમીતાબેન |

ઈનોવેશન ક્લબ તથા જી-20 સેલ અંતર્ગત જી.આઈ.ડી.સી બીલીમોરા ખાતે આવેલ શ્રી દત્ત પ્લાસ્ટીક, એસ.એન.ડી. ઇન્ડસ્ટ્રીઝ, ઈ.એન.પી. ઈન્ડસ્ટ્રીઝ તથા જ્યોતિ ઈન્જીન્યરીંગ વર્કસની મુલાકાત યોજવામાં આવી. તા. 04/02/2023 ના શનિવારના રોજ ટી.વાય.બી.કોમ.માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે કંપનીની કામગીરીથી માહિતગાર કરવા આ વિઝિટનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી દત્ત પ્લાસ્ટીક ઈન્ડસ્ટ્રીઝનાં માલિક તેજશભાઈ દેસાઈ એસ.એન.ડી. ઈન્ડસ્ટ્રીઝના માલિક રૂપલબેન દેસાઈ તેમજ ટેકનિકલ એડવાઝર અને વી.એસ.પટેલ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, બીલીમોરાના ભૌતિકશાસ્ત્રના પ્રોફેસર શ્રી દીપેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.તેમણે વિદ્યાર્થીઓને કંપનીની ઑટોમોબાઇલ્સમાં વપરાતા પાર્ટસની કામગીરી કાચોમાલ, પ્રોસેસ, ટર્નઓવર તેનું માર્કેટીંગ અને એક્સપોર્ટ અંગેની વિશેષ માહિતી આપી હતી અને ટાટા એસ સાથેનું સહયોગ અંગેની માહિતી, કંપનીના રોકડપ્રવાહ તથા પ્રવાહિતા અંગે માહિતગાર કર્યા હતા. તેમજ ઈ.એન.પી. કંપનીના માલિક દ્વારા કોલેજના વિદ્યાર્થીઓને કંપનીની પ્રોસેસઅંગેની માહિતી આપી હતી. તથા જ્યોતિ ઈન્જીન્યરીંગ વર્કસમાં પ્રોડક્સનથી લઈને સેલીંગ જાણકારી આપવામાં આવી હતી. આ વિઝિટમાં ટી.વાય.બી.કોમ.માં અભ્યાસ કરતાં કોલેજના 22 વિદ્યાર્થીઓ તથા 3 આદ્યાપકો તેમજ આચાર્યશ્રીએ ઉપસ્થિત રહી ભાગ લીધો હતો.



















જી.આઈ.ડી.સી બીલીમોરા ખાતે આવેલ શ્રી દત્ત પ્લાસ્ટીક, એસ.એન.ડી. ઈન્ડસ્ટ્રીઝ, ઈ.એન.પી. ઈન્ડસ્ટ્રીઝ તથા જ્યોતિ ઈન્જીન્યરીંગ વર્કસની મુલાકાત લેતા કોલેજના T.Y.B.COM.નાં વિદ્યાર્થીઓ સાથે આચાર્ય ડૉ.એસ.એમ.પટેલ તેમજ પ્રા.સુનીલભાઈ એમ.જાદવ, પ્રા.જીગરકુમાર વી.પરમાર અને પ્રા.અમિતકુમાર એ.પટેલ

તા.૦૯/૦૨/૨૦૨૩ ને ગુરૂવારના રોજ G-20 અંતર્ગત આચાર્ય ડો. એસ.એમ.પટેલનાં માર્ગદર્શન હેઠળ **"Interpersonal Skills & Positive Attitude"** વિષય ઉપર એક દિવસીય ઓફલાઈન સેમિનારનું આયોજન કરાયું હતું જે નિમિત્તે નારણલાલા કોલેજ નવસારીથી  વિષય તજજ્ઞ પ્રા.ડૉ.વિશાલભાઈ માળીએ પ્રથમ બે કલાકના સેશનમાં "ઈન્ટરપર્સનલ સ્કીલ"  વિષય સંદર્ભે યુવા વિચારધારા અંગેનું વિશ્લેષણ, કોમ્યુનિકેશન સ્કિલ,"**Interpersonal Skills**, હાર્ડ સ્કિલ અને સોફ્ટ સ્કિલ અંગે વિદ્યાર્થીઓમાં હકારાત્મક અભિગમ કેળવવા તેમજ આંતર વ્યક્તિત્વ કૌશલ્ય કેવી રીતે  કેળવી શકાય તે અંગેની સમજૂતિ પૂરી પાડી હતી. તેમની સાથે પધારેલ પ્રા.ડૉ.દિવ્યેશ ગાંધીએ બે કલાક **Positive Attitude** ના બીજા સેશનમાં સ્પર્ધાત્મક યુગમાં કઈ-કઈ બાબતોનું ધ્યાન રાખવું અને  પોઝીટીવ એટીટ્યુડ ઉપરાંત નિષ્ફળતા મળવા અંગેના જવાબદાર કારણો જણાવી વર્તનમાં કરવાના આવશ્યક પરિવર્તન વિશે તેમજ ભાવી કારકિર્દી ઘડતર અંગે વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું.

**તા.૦૯/૦૨/૨૦૨૩ ને ગુરૂવાર, "Interpersonal Skills & Positive Attitude" વિષય ઉપર એક દિવસીય ઓફલાઈન સેમિનાર**









ઍટીટ્યુડ વિષય પર ઓફલાઈન સેમિનાર

"Interpersonal Skills,

જાહેર નોટીસ

સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી વલસાડની કોર્ટમાં. મું. વલસાડ

(નિલેશ બી. કુકડીયા)

"ઈન્ટરપર્સનલ સ્કીલ"  વિષય સંદર્ભે પ્રા.ડૉ.વિશાલભાઈ માળી અને પ્રા.ડૉ.દિવ્યેશ ગાંધી

તા.૧૪/૦૨/૨૦૨૩ને મંગળવારના “G-20” નું યજમાન પદ ભારત કરી રહ્યું છે એ આપણા માટે ગૌરવની વાત છે એનો પ્રચાર પ્રસાર થાય એ હેતુસર ભારત સરકાર અને ગુજરાત સરકાર તરફથી સતત કાર્યક્રમો ચાલી રહ્યા છે જે અંતર્ગત આચાર્ય ડો. એસ.એમ. પટેલનાં માર્ગદર્શન હેઠળ “ગ્રામ અભ્યાસ” વિષય ઉપર એક દિવસીય ઓફલાઈન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું જે નિમિત્તે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી સુરતથી  વિષય તજજ્ઞ પ્રા.ડૉ. શ્રીધર નિમાવત અને ડૉ.દીપેશભાઈ ઝા ઉપસ્થિત રહ્યા હતા જેમણે સંસ્થાના આચાર્ય ડૉ.એસ.એમ.પટેલે શાબ્દિક પરિચય અને પુષ્પગુચ્છ આપી આવકાર્યા હતા. વિષય અનુસંધાને પ્રા.ડૉ. શ્રીધર નિમાવતેવિદ્યાર્થીઓને જણાવ્યું કે “મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસની ઈ.સ.૧૯૭૧માં સ્થાપના થઇ ત્યારથી  આ શાખામાં કોઈપણ ગ્રેજ્યુએટ થયેલ ઉત્સાહી અને કઈક નવું કરવું છે એવી તમન્ના રાખનાર વિદ્યાર્થી પ્રવેશ લઇ શકે છે,દેશનો સાર્વત્રિક વિકાસ માટે ગામડાનો વિકાસ ખૂબ જરૂરી છે માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબનું પણ આહવાન છે, ગામડાના વિકાસ માટે સ્વૈચ્છિક સંસ્થાઓ કાર્યરત છે, સ્વરોજગારીની તકો, સ્કીલ ડેવલોપમેન્ટ અને સહાકારી ક્ષેત્રમાં આપણે સૌ સાથે મળીને ભારતના વિકાસમાં સહભાગી બનીએ” તેમની સાથે ઉપસ્થિત રહેલ ડૉ.દીપેશભાઈ ઝા એ પણ વિદ્યાર્થીઓને જણાવ્યું કે  “કૃષિ અને પશુપાલન આપણા લોહીમાં છે.ગ્રામીણ સંસ્કૃતિ સાથે જોડાયેલ કલ્ચર વાતાવરણની સાથે આપણે મનગમતું કામ કરી શકીયે એ બાબતે ખાસ ભાર મૂક્યો હતો  ઉપરાંત કલાઈમેન્ત ચેઈન્જ, મશરૂમ કલ્ટીવેશનની તાલીમ, આધુનિક ખેતીનો વિકાસ, નર્સરી, ગ્રીનહાઉસ, પોષણ વાટિકા, ટકાઉ આજીવિકા માટેનું વ્યવસ્થાપન, ખેતીવાડી ખાતું, અર્થશાસ્ત્ર, બેંકિંગ, સહકારીક્ષેત્ર વગેરેમાં રહેલી રોજગારીની તકો વિષે યોગ્ય માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું”

| તા.૧૪/૦૨/૨૦૨૩ને મંગળવાર,“ગ્રામ અભ્યાસ”  વિષય ઉપર એક દિવસીય ઓફલાઈન સેમિનાર | |
| --- | --- |
|  |  |
|  |  |


વિષય અનુસંધાને વ્યાખ્યાન આપતા પ્રા.ડૉ. શ્રીધર નિમાવતે અને પ્રા.ડૉ.દીપેશભાઈ ઝા

તા.૧૫/૦૨/૨૦૨૩ને મંગળવારના રોજ "G-20" અંતર્ગત આચાર્ય ડો. એસ.એમ. પટેલનાં માર્ગદર્શન હેઠળ "A Career counseling seminar" વિષય ઉપર એક દિવસીય ઓફલાઈન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું જે નિમિત્તે જ્ઞાનગંગા એકેડેમી, ધરમપુર થી વિષય તજજ્ઞ શ્રી એન.ડી.ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા જેમને પ્રા.જીગરકુમાર વી.પરમારે શાબ્દિક પરિચય અને પુષ્પગુચ્છ આપી આવકાર્યા હતા. વિષય અનુસંધાને શ્રી એન.ડી.ઠાકોરે વિદ્યાર્થીઓને જણાવ્યું કે "કૌટુંબિક અને કરિયર ગોલ નક્કી કરો અને એને પૂર્ણ કરવા માટે ટકી રહો, UPSC/GPSC ને ન જોતા માત્ર સરકારી નોકરી પાછળ ન દોડતા, ડિપ્રેશનમાં ન મૂકાતા નેશનેલાઈસ બેંક માટે IBBS બોર્ડ દ્વારા પરીક્ષા લેવામાં આવે છે જરૂરી છે સમય મેનેજમેન્ટ થકી ઉજ્જવળ ભવિષ્ય બનાવી શકાય"

"A Career counseling seminar" વિષય ઉપર વ્યાખ્યાન આપતા જ્ઞાનગંગા એકેડેમી, ધરમપુરનાં વિષય તજજ્ઞ શ્રી એન.ડી.ઠાકોર

| તા.૧૬/૦૨/૨૦૨૩, બુધવારનાં રોજ "G૨૦" લોગો પ્રદર્શન કરતાં કોલેજના વિદ્યાર્થીઓ | |
|---|---|
|  |  |

તા.૨૨/૦૨/૨૦૨૩ને બુધવારના રોજ સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ ખેરગામ,જિ.નવસારી ખાતે "G20" અને "Y20" અંતર્ગત રાષ્ટ્રીય માનસિક આરોગ્ય કાર્યક્રમ, એમ.જી.જનરલ હોસ્પિટલ, નવસારી અને માનસ ચેરીટેબલ ટ્રસ્ટ ફોર મેન્ટલ હેલ્થના સયુંકત ઉપક્રમે આચાર્ય ડૉ.એસ.એમ.પટેલનાં માર્ગદર્શન હેઠળ "માનસિક સ્વાસ્થ્ય જન-જાગૃત્તિ કાર્યક્રમ" નું આયોજન કરવામાં આવ્યું હતું. જે નિમિત્તે નવસારીથી હાર્દિક પારેખ અને પ્રદીપ મકવાણા (મનોચિકિત્સક) ઉપસ્થિત રહ્યા હતા જેમને પ્રા. ડૉ.મનિષાબેન જોગીયાએ કોલેજ પરિવાર વતી શાબ્દિક પરિચય આપી આવકાર્યા હતા. પ્રદીપ મકવાણાએ વિદ્યાર્થીઓને સ્ટ્રેસ મેનેજમેન્ટ વિશે માર્ગદર્શન આપતા જણાવ્યું કે "વસ્તુ, વ્યક્તિ અને પ્રદાર્થનું વ્યસન હોઈ શકે, વ્યસન પણ એક માનસિક બીમારી છે, આપઘાત એ આપણી સમસ્યાનો ઉકેલ નથી, ઘરમાં બધુજ સેટ છે પણ માણસ અપસેટ છે. ભારતમાં ૧૦ માંથી ૧ વ્યક્તિ માનસિક રીતે પીડાઈ રહી છે.. મેન્ટલ હેલ્થને સાચવવાની જવાબદારી આપણી છે.તમારા જીવનના લેખક તમે જાતે જ બનો. આખી જિંદગી સુખી રહેવા માટે મનગમતું કામ કરો એ બાબત પર ખાસ ભાર મૂક્યો હતો. શારીરિક રોગોમાં સમયસર સારવાર લેવાથી સારા થઈ શકાય છે તેમ માનસિક રોગોમાં પણ સારવાર લેવાથી સારા થઇ શકાય છે. માનસિક રોગ કોઈપણ જાતિ, ઉંમર, સમાજ, ધર્મ, ભણેલ, અભણ, અમીર, ગરીબ વગેરેને થઇ શકે છે. જીવનમાં આવેશને સ્થાન ના આપવું જોઈએ અને સંઘર્ષ વગરની જીદંગી શક્ય જ નથી. સંઘર્ષ જ સફળ જીવનની ચાવી છે"

**"G20" અને "Y20" અંતર્ગત"માનસિક સ્વાસ્થ્ય જન-જાગૃત્તિ કાર્યક્રમ"**






માનસિક સ્વાસ્થ્ય જન-જાગૃત્તિ અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતા હાર્દિક પારેખ

તા.૧૦/૦૩/૨૦૨૩, શુક્રવારનાં રોજ આંતરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે ઓફલાઈન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું જે નિમિત્તે કોલેજની IQAC/NAAC નાં કૉ-ઓડીનેટર પ્રા.ધર્મરાજભાઈ ઈ ટેભરેજી એ "મહિલા સશક્તિકરણ" વિશે ભારતની પ્રથમ મહિલા શિક્ષીત સાવિત્રી બાઈ ફૂલેનું ઉદાહરણ આપતા જણાવ્યું કે એમણે જ્યારે અભ્યાસની શરૂઆત કરી એ રૂઢીયુસ્ત ભારતીય સમાજ હતો એ સમયે એક સ્ત્રી માટે ઘરની બહાર પગ મૂકવો એ પણ એક દુષ્કર કાર્ય હતું એવા સમયે સાવિત્રીબાઈ ફૂલેએ ખૂબજ સંઘર્ષ વેઠી અને એ સમયનાં પુરૂષપ્રધાન સમાજમાં અદ્વિતીય સફળતા હાંસલ કરી ભારતીય સ્ત્રીઓને પ્રેરણા પૂરી પાડી ને ઇતિહાસમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે. ટેકનોલોજીનાં યુગમાં નારીએ દરેક ક્ષેત્રે હરણફાળ ભરી છે. પુરુષ સમોવડી બનીને આ સમાજના દરેક ક્ષેત્રમાં પોતાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. આજે સ્ત્રીઓની ઉન્નતિ એમણે જલાવેલી શિક્ષણની જ્યોતને આભારી છે.

તા.૧૦/૦૩/૨૦૨૩, શુક્રવારનાં રોજ આંતરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે ઓફલાઈન સેમિનાર










વિષય સંદર્ભે વ્યાખ્યાન આપતા પ્રા.ધર્મરાજભાઈ અને ઉપસ્થિત વિદ્યાર્થીઓ

તા.૧૫/૦૩/૨૦૨૩ને બુધવારના રોજ સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ ખેરગામ,જિ.નવસારી ખાતે કોલેજની IQAC કમિટીનાં માર્ગદર્શન હેઠળ "G20-Y20" તેમજ રાષ્ટ્રીય સેવા યોજના (NSS) અને અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા "વિશ્વ ગ્રાહક દિન તથા BIS સર્વે માર્ગદર્શન " નિમિત્તે આચાર્ય ડૉ.એસ.એમ.પટેલનાં અધ્યક્ષપણા હેઠળ "જાગો ગ્રાહક જાગો" વિષય સંદર્ભે ઓફલાઈન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જે નિમિત્તે ભારતીય માનક બ્યુરો, સુરત. શાખાથી સ્ટાન્ડર્ડ પ્રમોશન ઓફિસર નીતિન ડોરિયા અને તેમની સાથે મનીષભાઈ ગજ્જર, હરિસિંહ ગોહિલ ઉપસ્થિત રહ્યા હતા. જેમને સંસ્થા વતી આચાર્ય ડૉ.એસ.એમ.પટેલે શાબ્દિક પરિચય અને પુષ્પગુચ્છ આપી આવકાર્યા હતા. વિષય અનુસંધાને નીતિન ડોરિયાએ વિદ્યાર્થીઓને "આભૂષણોની ખરીદી કરતા પહેલા ધૂતારાઓથી બચવા માટે

હોલમાર્ક લાગેલા જ અને BIS પ્રમાણિત સોની પાસેથી જ આભૂષણોની ખરીદી કરવાનો આગ્રહ રાખવો તેમજ જીવનજરૂરી ચીજ વસ્તુઓ જેમકે ઇલેક્ટ્રિક વસ્તુ હોય કે ઘરવપરાશની કોઈપણ વસ્તુ હોય તેની ખરીદી માટે ISI માર્ક લગાવેલ જ વસ્તુઓની ખરીદી કરવા પર ભાર મૂક્યો હતો. અને તે જો ના હોય તો તમે BIS CARE મોબાઈલ એપ અને પોર્ટલ પર ફરિયાદ કરી શકો છો. આ સાથે તેમણે ગુણવત્તાયુક્ત ૪૫૦ પ્રોડક્ટ માટે ભારતીય માનક બ્યુરો દ્વારા પ્રમાણિત માર્ક લેવા ફરજિયાત છે.એમ જણાવ્યું હતું. તથા ભારતીય માનક બ્યુરો પર્યાવરણ, સ્વાસ્થ્ય, ગુણવત્તા વગેરેનું ધ્યાન રાખે છે.વધુ માહિતી માટે WWW.CONSUMERHELPLINE.GOV.IN વેબસાઈટ જોવા માટે વિદ્યાર્થીઓને જણાવ્યું હતું.આ સાથે કોલેજના રાષ્ટ્રીય સેવા યોજના (NSS)ના 50 જેટલા સ્વયં સેવકો ગ્રાહક જાગૃતિ સંદર્ભે સ્વયં સેવક દીઠ ૨૫ ઘરોની રૂબરૂ મુલાકાત લઇ સર્વે કરશે.આ માટે 50 જેટલી કીટ્સનું વિતરણ કરી યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં કુલ 50 જેટલા વિધાર્થીઓ તથા 7 અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રા.ડૉ.નીમુબેન ચૌધરી, પ્રા.અમિત પટેલ તથા સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા.ડૉ.યોગેશકુમાર ટંડેલ, અને આભાર પ્રા.મેહુલ પટેલે કર્યો હતો.

"વિશ્વ ગ્રાહક દિન તથા BIS સર્વે માર્ગદર્શન" વિષય સંદર્ભે ઓફલાઈન સેમિનાર










સ્ટાન્ડર્ડ પ્રમોશન ઓફિસર નીતિન ડોરિયા, મનીષભાઈ ગજ્જર, હરિસિંહ ગોહિલ સાથે આચાર્ય, ડૉ.એસ.એમ.પટેલે અને ભૂતપૂર્વ વિદ્યાર્થી પ્રતિનિધિમંડળનાં પ્રમુખ આશુતોષભાઈ શુકલ અને વિદ્યાર્થીઓ